સાહિત્ય પ્રકાશ

દીપક અંધકારમાં પ્રકાશ પ્રદાન કરે છે.
રાહી રાહ દેખતો પોતાના ઈષ્ટ સ્થાને પહોંચી જાય છે.
અનેક પ્રકારની આવતી મુશ્કેલીઓથી એ બચી જાય છે.
નાનકડો દીવડો પ્રકાશ આપતો સહુનો શુભ ચિંતક બની રહે છે.

અનેક પ્રકારના રૂપવાળો અને રંગોમાં રંગાયેલો આ સંસાર છે અંધકાર વ્યાપ્ત છે સર્વત્ર! રાતદિવસ પ્રયત્ન કરવા છતાં સફળતાના એંધાણ દેખાતા નથી. અંધકારને ઉલેચવાથી એ દૂર જતો નથી કે ઓછો થતો નથી. એ અંધકારને દૂર કરવા પ્રકાશ કરનારા એક દીપકની જરૂર રહે છે.

જ્ઞાન દીપક છે. જ્ઞાન દીપકનો પ્રકાશ અંતરને ઉજ્વળ રાખનાર છે સમ્યગ સાહિત્યનું પ્રકાશન દીપક સમું છે. જે પ્રત્યેકને વિચાર ચિંતનનો પ્રકાશ આપીને સ્વયં તરફ જતું હોય છે.

એજ શુભ આશય અને ઉદ્દેશથી આ સંસ્થા દ્વારા અમે સમય સમય પર સાહિત્ય પ્રકાશનો ઉદ્યમ કરતા આવ્યા છીએ, તેમાં આ પ્રકાશન પણ દીપકના સમું છે.

પ્રકાશનમાં દ્રવ્ય સહાયક ભાગ્યશાળી, બે બોલ લખી આપનાર ભાઈ મફતલાલ સંઘવી અને પૂજનીય પૂર્ણેન્દુના અમે આભારી છીએ. શુભમ્

રતનપોળ, હાથીખાના
અમદાવાદ
અષાઢ વદી ૩

નરપતલાલ આર. બલુ
વ્ય. રાજેન્દ્રસૂરિ સાહિત્ય
પ્રકાશન મંદીર

हार्दिक कामना

[illegible]वन की स्थिति [illegible] बना [illegible] मातानुमा [illegible] पूज्य [illegible] म [illegible] ग [illegible] की [illegible] था [illegible] प्रतिष्ठ [illegible] प्रमाणभूत बना [illegible] होती हुई [illegible] [illegible] थी, [illegible] [illegible] मे भी [illegible] प्रमाण [illegible] बना रहा है।

[illegible] आज [illegible] है। [illegible] है [illegible] हैं। [illegible] है।

[illegible]

પ્રાર્થનાની પગથાર

જન્મમરણનું ચક્ર કહો કે સંસાર કહો, જગત કહો કે લોક કહો, બધાય એક પર્યાયના શબ્દો છે. આ ચક્રને ગતિમાન કરનારી સત્તાને કર્મ કહેવાય છે. જીવ માત્ર આ સત્તાના નીચે અનેક ભવ-ભવાંતરને વેડફી નાખે છે. એ કર્મ સત્તા મોહક દશ્યો ઊભા કરીને લીલાયુક્ત પોતાનાં હાવ ભાવ ભર્યાં માન-સન્માનને સામે મૂકીને અથવા અજ્ઞાન, અશ્રદ્ધા અને 'એવા જ મિથ્યાભાવના જંજાળમાં દરેક આત્માઓને ફસાવવાનું કામ કરે છે.

એણે નથી છોડયા રાવ ઉમરાવોને કે નથી છોડયા રંક દરિદ્ર નારાયણોને ! એના પાશમાં પડેલા અનેક આત્માઓ આ વિશ્વના કામણગારા નાટકીય ઢંગોથી જીવન જીવી રહ્યા છે.

એ કર્મ સત્તાએ દરેકને પોતાના એક છત્રી સામ્રાજય તળે દબાવીને રાખ્યા છે, એટલું જ નહિ પોતાના એક માત્ર ઈશારા ઉપર નાચવાને તૈયાર પણ કરી દીધા છે.

અનાદિના ચાલી રહેલા આ ચક્રમાં જગત્‌ભાવનો લોભી જીવડો અહીંથી તહીં કેવળ ઠોકરો ખાતો એક દ્રુમકના સમું જીવન જીવી આગળ ઉપર દોડતો રહ્યો છે. આશાનો અર્થી એ જીવ નિરાશામાં જીવન વ્યતિત કરતો રહે છે.

જ્યાં જગતભાવ ઉપર વિજયી નિવડેલા પરમ [illegible] આત્માઓના ગુણો [illegible] તેને [illegible] હોય [illegible] અને [illegible] હોય [illegible] [illegible]

[illegible]

[illegible] થી [illegible] કરી.

[illegible] ? [illegible]

[illegible]

[illegible]

[illegible]

અનન્તપુણ્ય રાશિના પરિપાકરૂપે શ્રેષ્ઠભવ પર્યાયની ઉપલબ્ધિ થાય છે. એની યથાર્થતા માટે પરમાત્માનું પુનિત શાસન અને પ્રાર્થી બનવાનું પ્રબળ બળ સંપ્રાપ્ત થાય છે.

પ્રાર્થના કરતાં પહેલા પ્રાર્થી બનવું અત્યન્ત જરૂરી છે. પ્રાર્થી બનનારા આત્માને આતરિક બળ અને શકિતને કેળવવાના રહે છે. પરિણામની ગતિ વિધિને પૂર્ણ રૂપથી માપવી પડે છે

ભાવોની વૃદ્ધિ માટે પ્રાર્થના પ્રબળ સાધન રૂપ છે. પ્રકૃષ્ટ ભાવોના અર્થી માટે એ જ મહત્વ પૂર્ણ છે.

ભાવમયી આરાધના-પ્રાર્થના આત્મિક વિકાસ કરાવનારી છે. જો એમા ડોકિયું કરીને પ્રાર્થી અન્તનિરીક્ષણ કરતો રહે તો નિશ્ચિત રૂપે લાભ હાનિના આકડા તેના હાથમાં આવી શકે છે.

પ્રસ્તુત 'મારી પ્રાર્થના' પુસ્તક એ ભાવભરી પ્રાર્થના છે

નિયમિત નિત્યપ્રતિ બોલાતા 'જય વીયરાય' સૂત્ર ઉપર ચિંતનાત્મક વિવેચન લખવાનો આ એક મ પ્રયસ છે જિનેન્દ્ર શાસનની ભકિતથી પ્રેરાઇને આ ક સરળ બન્યું છે.

મારી અલ્પમતિના કારણે તેમાં જિનાજ્ઞા વિરૂદ્ધ પણ લખાયું હોય તો તે બદલ ત્રિવિધે ત્રિવિધે મિચ્છા દુક્કડમ્ આપું છું.

આવે તો તે અન્તગ્રત સ્વપ્નવત્ નિરર્થક જ થઇ જાય છે. અથવા સર્વ આશાઓ ધૂમિલ થઇ જાય છે.

અનેક જન્મોથી પ્રાર્થના કરવામાં કંઇ પણ ખામી રાખી નહિ. છતાં પણ ઇષ્ટફળની પ્રાપ્તિ કરી શક્યો નહિ. કારણ જેને પ્રાર્થ્યા તે દરેક સ્વાર્થમાં રાચનારા પરમોચ્ચ સ્થાનથી પર હતા. ફરતાં ફરતા ભાગ્યોદયે આપનું પુનીત દર્શન પ્રાપ્ત થયું અને ત્યારથી હવે આશા બંધાઈ છે, ઈષ્ટ પ્રાપ્તિની.

ઇષ્ટફળ ઇન્દ્રિય આધીન નથી, મન આધિન નથી. અને નથી અન્ય સંયોગાધીન, ઇન્દ્રિયોની સન્મુખ બનીને તેને પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખી, પરંતુ સફળતા જ મેળવી શકાઈ નહિ.

મનોયોગના નિરંકુશ અશ્વ પર આરૂઢ થઈ છૂટી લગામે દોડવા માંડ્યું. દેશ, પરદેશ, બધાય પાર કરી દીધા. સંતના ભયંકર અરણ્યમાં જઈને એણે વિશ્રામ લીધો. ભાવ, સ્વભાવ અને આત્મભાવો બધા જ પાછળ રહી ગયા!

એનો વેગ દેખતાં તો એમ જ દેખાતું હતું કે શીઘ્રાતિશીઘ્ર ત્યા પહોંચી જઈશું, અને આપણુને એ સાથ આપશે. ઋદ્ધિ સિદ્ધિની પ્રાપ્તિમાં અવશ્ય

આવો અને આટલો વિશ્વાસઘાત કરશે, એવું સ્વપ્ને પણ વિચાર્યું નહોતું, મેં તેને તરલ આપ્યું, એણે મને

મગ્ન આપ્યુ ! મે તેના માટે અમૃત મિન્ચ્યુ અને એણે ભેગના રૂપમા પરિણમાવ્યુ શક્તિને નષ્ટ કરી ! શક્તિ ઈ અને માત્ર અભિવ્યક્તિનુ નામ જ રહી ગયુ અશક્તિઓ વધી પડી કારણુ ?

જેને સાથીરૂપે માન્યા હતા તે સવ માથી નિરકુશ બન્યા, બધાઓએ અત સમયમા દગો દીધો એ અને હુ એકલો વિખૂટો રહી ગયો બહુમતિ આગળ મસ્તક ઝુકાવવુ પડ્યુ ચોરો નમ્યો એટલામા તો બધા જ સવાર થઈ ગયા

મન પણ બે રૂપ કરીને સામે આવ્યુ ! બાહ્ય મન અને અતરમન ઈન્દ્રિઓના સહયોગી આવી પહોચ્યા.

જીત થાય છે કા તો બળથી, અને કા કળથી, મે મારૂ બળ એવુ ખોઈનાખીને, કળ પણ ન વાપરી શક્યો, જેથી એમની સ્વચ્છદતા વધી પડી

આમ થવાથી ક્રોધનો જબરો વધી ગયો જ્યા ત્યા મારૂ દેખાવાના જ કોડ વધી ગયા, મમત્વની કુટીલ વિચારણાઓ વધી પડી. સ્પર્શેન્દ્રિય પુષ્પ શયાના સ્વપ્ન સાકાર કરવાની તમન્નામા જવા લાગી રસનેન્દ્રિય સ્વાદ માણવામા જ તત્પર રહેવા માડી ઘ્રાણેન્દ્રિય સુગધના પગે ખેચાવા લાગી. ચક્ષુરિન્દ્રિય માત્ર દૃષ્ટિ પદાર્થને જ સત્ય માનવાનો કદાગ્રહ કરી બેઠી શ્રોત્રેન્દ્રિય પોતાની પ્રશસા સાભળવાથી પ્રસન્ન રહેવા લાગી.

સસાર અને સ્વર્ગ માત્ર કલ્પના જ છે પુણ્ય અને

સાહિત્ય પ્રકાશ

દીપક અંધકારમાં પ્રકાશ પ્રદાન કરે છે.

રાહી રાહ દેખતો પોતાના ઈષ્ટ સ્થાને પહોંચી જાય છે.

અનેક પ્રકારની આવતી મુશ્કેલીઓથી એ બચી જાય છે.

નાનકડો દીવડો પ્રકાશ આપતો સહુનો શુભ ચિંતક બની રહે છે.

અનેક પ્રકારના રૂપવાળો અને રંગોમાં રંગાયેલો આ સંસાર છે અંધકાર વ્યાપ્ત છે સર્વત્ર! રાતદિવસ પ્રયત્ન કરવા છતાં સફળતાના એંધાણ દેખાતા નથી. અંધકારને ઉલેચવાથી એ દૂર જતો નથી કે ઓછો થતો નથી. એ અંધકારને દૂર કરવા પ્રકાશ કરનારા એક દીપકની જરૂર રહે છે.

જ્ઞાન દીપક છે. જ્ઞાન દીપકનો પ્રકાશ અંતરને ઉજ્વળ રાખનાર છે : સમ્યગ્ર સાહિત્યનું પ્રકાશન દીપક સમું છે. જે પ્રત્યેકને વિચાર ચિંતનનો પ્રકાશ આપીને સ્વયં તરફ જતું હોય છે.

એજ શુભ આશય અને ઉદ્દેશથી આ સંસ્થા દ્વારા અમે સમય સમય પર સાહિત્ય પ્રકાશનો ઉદ્યમ કરતા આવ્યા છીએ, તેમાં આ પ્રકાશન પણ દીપકના સમું છે.

પ્રકાશનમાં દ્રવ્ય સહાયક ભાગ્યશાળી, બે બોલ લખી આપનાર ભાઈ મફતલાલ સંઘવી અને પૂજનીય પૂર્ણેન્દુના અમે આભારી છીએ. શુભમ્

રતનપોળ, હાથીખાના
અમદાવાદ
અષાડ વદી ૩

નરપતલાલ આર. બલુ
વ્ય રાજેન્દ્રસૂરિ સાહિત્ય
પ્રકાશન મંદીર

हार्दिक कामना

जीवन की स्थिति भवनिर्वेदमयी बनी रह मार्गानुसा रिता का मूल्य मस्तिष्क म मौलिकता स सुरक्षित रह, लोकाचार की मर्यादाओं का मनन्य प्रतिपन्न प्रज्ञा क प्रतिपलम प्रमाणभूत बना रह और अर्जीवन अखण्ड प्रवचन सेवा नतिकता र होनी दृढ वीतराग की जागुरुता क गौरवमय घोष का चयन करती रह यही भावना रेखता हुआ समाग का जीव दु खों का, कर्मों का और विपाकों का अन्त करना करना भवान्तर म भी शुद्धबुद्ध वीतराग क चरणारविंद म भक्तिमय भाव प्रसून समर्पित कर विनयता की साधना को सरल बना रहा है ।

यही अभ्यर्थना आज मेर समक्ष 'साधकनो प्रार्थना (मारी प्राथना रूप) मय विवर स मुनि श्री ज्यन्तविजयजी की लेखिनी स स्पष्ट हो रही है । मुनिजी अनवरत अक्षय उत्साह की उज्ज्वल उदात्त ओज को अङ्कुरित कर आत्मा का अमृत रूपी कला वाणी स साहित्य जगत का लाभान्वित करत आय इसी प्रकार भविष्यम भी शास्त्र और शासनकी सेवा होती र यही मेरी हार्दिक कामना है और आशीर्वादमयी रचना है।

विजयविद्याधरसूरि
आहोर राज)
दि [illegible]

અનન્તપુણ્યં રાશિના પરિપાકરૂપે શ્રેષ્ઠભવ પર્યાયની
ઉપલબ્ધિ થાય છે. એની યથાર્થતા માટે પરમાત્માનું પુનિત
શાસન અને પ્રાર્થી બનવાનું પ્રબળ બળ સંપ્રાપ્ત થાય છે.

પ્રાર્થના કરતા પહેલાં પ્રાર્થી બનવું અત્યન્ત જરૂરી
છે પ્રાર્થી બનનારા આત્માને આતરિક બળ અને શક્તિને
કેળવવાના રહે છે પરિણામની ગતિ વિધિને પૂર્ણ રૂપથી
માપવી પડે છે

ભાવોની વૃદ્ધિ માટે પ્રાર્થના પ્રબળ સાધન રૂપ છે.
પ્રકૃષ્ટ ભાવોના અર્થી માટે એ જ મહત્વ પૂર્ણ છે.

ભાવમયી આરાધના-પ્રાર્થના આત્મિક વિકાસ કરાવ
નારી છે. જો એમા ડોકિયું કરીને પ્રાર્થી અન્તર્નિરીક્ષણ
કરતો રહે તો નિશ્ચિત રૂપે લાભ હાનિના આંકડા તેના
હાથમા આવી શકે છે.

પ્રસ્તુત 'મારી પ્રાર્થના' પુસ્તક એ ભાવભરી પ્રાર્થના છે.

નિયમિત નિત્યપ્રતિ બોલાતા 'જય વીયરાય' સૂત્રના
ઉપર ચિંતનાત્મક વિવેચન લખવાનો આ એક માત્ર
પ્રથમ છે જિનેન્દ્ર શાસનની ભક્તિથી પ્રેરાઇને આ કાર્ય
સરળ બન્યું છે.

મારી અલ્પમતિના કારણે તેમા જિનાજ્ઞા વિરૂદ્ધ ક
પણ લખાયું હોય તો તે બદલ ત્રિવિધે ત્રિવિધે મિચ્છ
દુક્કડમ્ આપું છું.

બિન્દુમાંથી.......

સિન્ધુનું સર્જન

બિંદુ અથ સિન્ધુ બને એક જ જાતિના છે. માત્ર ફરક છે તો પ્રમાણકૃત છે. એકનું પ્રમાણ અતિ નાનું છે. અને બીજાનું પ્રમાણ અતિ વિશાલ છે

આ રીતે આપણો આત્મા બિંદુ રૂપ છે. પરમાત્મા સાહજિક જ્ઞાનાદિ ગુણોના અખૂટ ખજાનારૂપ સાગર તુલ્ય છે—

પણ છે બને એક જ આત્મતત્ત્વ સ્વરૂપ.

બિંદુરૂપ આપણા આત્મતત્ત્વમાં વિજાતીય કર્મોના આવરણના લીધે સિંધુરૂપ પરમાત્મામાં વિલસી રહેલું સુવિશુદ્ધ નિર્મલ ચૈતન્ય અવ્યક્ત બન્યું છે, છતાં અલ્પ-અત્યલ્પ માત્રામાં પણ સિંધુમા વિલસી રહેલ જલતત્ત્વ બિન્દુમાં હોવાની જેમ આપણામાં પણ સૂક્ષ્મ રૂપે છે જ !!!

ભારતના અન્ય દર્શનકારો કરતા જૈન દર્શનમાં આત્મ-તત્ત્વની મૌલિક વિચારણા વધુ સ્પષ્ટ ચોક્કસ પ્રરૂપેલ છે. આ એક નિ:સંદેહ હકીકત છે



આત્માનું સ્વરૂપ ચોક્કસ રીતે સમજાય તો ઉપાસના પદ્ધતિમાં ઉપયોગી પરમાત્માનું સ્થાન આપણા હૈયામાં પ્રતિબિંબિત થાય.

જૈન દર્શનમાં આત્માના સ્વરૂપ માટે અનેક દૃષ્ટિકોણોથી વિચાર કર્યો છે. પણ સઘળાનો ટુંક સાર એ છે કે—

"આત્મા સત્તાએ જ્ઞાનાદિ ગુણોવાલો છતાં-વિભાવ સ્વભાવથી પ્રગટેલી અધ્યવસાયોની વિકૃતિથી થયેલ કર્મના આવરણ તલે હાલમાં તમામ પોતાની શક્તિઓના અનુભવથી વંચિત છે."

એટલે આપણા આત્મ સ્વભાવને આડે આવેલા કર્મના આવરણનું મૂલ કારણરૂપ જે વિભાવ સ્વભાવ-તેને હઠાવવા જલ-અગ્નિની જેમ પ્રતિપક્ષીરૂપ સ્વભાવ-સ્વભાવને વિકસાવવાની જરૂર છે; તેથી સ્વભાવ સ્વભાવના સંપૂર્ણ વિકાસના બલે પોતાના અનંતજ્ઞાનાદિ ગુણોના સંપૂર્ણ વ્યક્તિકરણને પામી જગતના પ્રાણીમાત્રના આદર્શ રૂપ બનેલ પરમાત્માને નજર સામે રાખીએ તો અધિકાર મુજબ વિવિધ ઉપાસના પદ્ધતિઓ અપનાવી ઉપાસનાના યથાર્થ ફલ રૂપે બિંદુનું સિન્ધુ પ્રતિ પ્રયાણ સફલ બની પરંપરાએ બિંદુ પણ સિન્ધુ સ્વરૂપ બની જાય છે.

એક વાત મારા હૈયાની કરી દઉં કે- 'સુઘોષા' માસિકમાં આવતી લેખ માલાનું શીર્ષક, જ મને ખૂબ પ્રેરક નીવડેલું-મને આ નામ ખૂબ જ માર્મિક લાગ્યું !!!

શું અને ક્યાં ?

જય વીયરાય

[૧]

ભાવ જેમ જેમ વધે તેમ તેમ ભવની સ્થિતિ ઓછી થવા માંડે છે સૂર્યની ગરમીથી જેમ ભરેલા તળાવના પાણી સુકાઈ જતા હોય છે, તેમ ભાવ રૂપ સૂર્યની ઉષ્ણતાથી જન્મ મરણના તળાવો શુષ્ક થઈ જાય છે અંધારા ઓસરવા માંડે છે ત્યારે તિમિરાધક જ્યાર ભવના પ્રશમમય થઈ જતો જણાય છે

તૃષ્ણતાથી ભવના વેણ પૂર જોશથી વહે છે પણ પંથ નિરોધથી ભાવની ગંગા દ્વિગુણીત સતજ થાય છે જે રે પ્રગટી મનોભાવને નાકાર તદાકાર રૂપ અપવા વિવિધ ઈચ્છાઓની લાંબી માગાનું સર્જન થઈ જાય છે માટે સદ્અસદ્‌ને વિચાર ન કરવાથી ભાવોની માળાનો વ્યુત્સર્ગ થઈ જાય છે અને

સદ્‌ભાવોની અસાધારણ મહદ્‌શક્તિને વિસ્મૃત કરીને ...લિક નષ્ટ પ્રાય નનોવિચાર જન્ય કલ્પનિક દશાઓને ... પ્રા ૧

મહત્વપૂર્ણ સમજવી; એજ ભવની પરંપરાને વધારવાનો સહુથી સરળ ઉપાય છે.

ભાવથી આત્મ પરિણામમાં નિર્મલતા આવે છે. ભવથી મલીનતા વધે છે. ભાવથી નિર્વેદ, નિર્લેપ, અને નિરાગ સ્થિતિને પ્રાપ્ત કરી શકાય છે. અને ભવ ઠીક તેનાથી વિપરીત દશામાં મૂકી દે છે. જ્ઞાન, દર્શન, ચારિત્રના ધણી આત્માને સ્વ પર કલ્યાણના પુનિતપંથે પ્રયાણ કરવા જૈન શાસન અનુશાસનમાં બદ્ધ રહીને ભાવ સંસુદ્ધિ. વિશુદ્ધિ તરફ જવા માટે પ્રબળ રીતિથી સંદેશ આપે છે! નવચેતન અર્પે છે? જે શ્રેણિઓમા વિભક્ત છે. સાધારણ જન પણ જેને સમજી શકે છે. અશુભથી શુભ; શુભથી શુદ્ધ અને શુદ્ધથી વિશુદ્ધ! અશુભ અને શુભની પરિભાષા સીધી, સાદી અને સરળ છે દાનવી કુવિચાર, વાણી અને વ્યવહાર અશુભના તરફ ખેચી લઇ જાય છે, અર્થાત્ મલીનતાને પ્રોત્સાહન આપે છે. પરિણામતઃ ઇન્સાન પોતાના સ્થાનથી ચલિત થઈ હેવાન અને શૈતાનની પ્રવૃત્તિઓમાં પડી જાય છે.

અશુભથી વિપરીત શુભ છે જે માનવતાના શ્રૃંગાર રૂપ ભાવોથી ઓતપ્રોત કરી દે છે. અને જ્યારે શુભના તરફ ગતિ પ્રગતિ થવા માડે છે. ત્યારે શુદ્ધતાને ઓળખી શકાય છે.

શુદ્ધિકરણ અને વિશુદ્ધી કરણની પ્રક્રિયાનો શુભારંભ થાય છે. તે પછી જ્ઞાતવ્યનું જ્ઞાન કર્યા પછી શુભથી શુદ્ધતાને પામી શકાય છે. વાત ઘણું મંથન માગે છે. પરંતુ ભાવોના તાર તમ્યથી જાણી લેવું આવશ્યક છે.

અશુભથી શુભભાવોની તરફ જવા માટે જિને ક્શાસ્ત્ર
ા પ્રાર્થનાનુ વિધાન પણ ક્હ્યુ છે પ્રકૃષ્ટ ઉત્કૃષ્ટ
રોમા નિમળના રહે છે નિર્માણુતા તા એની નશેનશમા
ી રહે છે એટલે જ ભાવાની બાજવલ્ય માન પુરસ્કૃતિના
અનિમ ગમનને જાગૃત કરવુ જરૂરી છે

આકષણુની મદિરા પીવાથી જે ભાન ભૂલેલા છ અને
ભવના પ્રેમપાશમા જકડાયેલા છે તઓના માટ વારવાર
કહેવાયુ છે ક જ્યા સુધી અતમનમા નઇભાવોની નરિતા
ફલ ફલ કની વાની નહિ થાય ત્યા સુધી પવિત્રતાની
અભિવ્યક્તિ પણ અસભવ છે

કન્ય, ક્ષેત્ર કાળ અને ભવના સાથે કનશ નામ,
સ્થાપના, દ્રવ્ય અને ભાવ તરફ પણ ઈપ્સિત નિદ્ધિના
માટે ધ્યાન આપવુ પ ન આવશ્યક છ માત્ર નામસ્મરણ
અથવા ચિતન કરી લવાથી જ નહિ તનાથી પણ વધુ
પ્રોત્સાહિતતા વદાકાર ય તત્સ્વરૂપ સ્થાપનાને કઇમય
બનાવવાથી ખીલી ઉઠે છ

નદ્ભાવનાના પાદગના દ્વાર પર કરનારી દુભ વન ની
દાનવી પૈશાચિનીનુ મર્દન કરવા માટે પરમન્ધ્યાન પરમ
એષ્ઠોનુ પ્રમગ આવબન નબલ લઈને નદ્ભાવથી ભાવિત
પ્રવૃત્તિને અયરકર માનવાના આવી છે

પરમ-દષ્ટિ પ્રચે પોતાની સ્વાપણુની દિવ્ય ભ વન નો
પ્રાદુર્ભાવ અને તજ્જન્ય નિર્મળ બાત કે જેમા આ માભિમુખ
આત્માઓ સ્વચ્છ થઈ સ્વભાવમા રમણ કરતા રહે છે

ભાવની શક્તિ પ્રગાઢ થઈ જાય છે. ત્યારે ભવની શૃંખલા પણ ક્ષીણ થઈ જાય છે, તેમાં કોઈ સંદેહ નહિ. પ્રગૂઢ ભાવોના અન્તસ્તલને સ્પર્શવા પૂર્વમાં કહેવાયું છે કે "પ્રાર્થના પરમ સહાયક થઈ શકે છે. જેના સામે ભવ શક્તિનો હ્રાસ થઈ જાય છે."

જૈન સિદ્ધાન્તોમાં પ્રાર્થનાના અંતરમાં ભાવ રમણતાનો પરિચય કરાવતાં "જય વીયરાય" સૂત્રમાં આત્મ પ્રબોધ અને પ્રબુદ્ધતાનો ઉદ્ઘોષ ધ્વનિ સ્પષ્ટ થતો દેખાય છે. ભાવની મહત્તા અને આલંબન તેમજ આલંબકની ગુરુ-લઘુતાનું નૈસર્ગિક ચિત્રણ તેમા આલેખાયેલ છે. પ્રાર્થના કરતી વખતે એકાગ્રતા, દ્રઢ ચિત્તાવસ્થા જેમ જેમ વધતી જાય છે. તેમ તેમ સદ્ભાવોની સરિતા પણ પ્રવાહિત થતી જાય છે. અને દુર્ભાવનાની બિહડ અટવીને પણ પ્લાવિત કરીને હરી-ભરી કરતી જાય છે.

હાં, તો ભવથી પ્રતિક્રમણ કરી ભાવના તરફ પ્રગતિ પ્રકૃષ્ટગતિનો મંગળ પ્રારંભ જીવનોન્નતિનું પ્રથમ ચરણ છે, તિર્થંકર દેવોના આત્માએ પણ ઘણુંય ભ્રમણ કરવા છતા જ્યારથી ભવ તરફથી પાછા હઠવાનું આરંભ્યું ત્યારથી જ ભવોની પરિગણના કરવામાં આવી એવા એ તિર્થંકર દેવ કે જેમણે "વીયરાય" અર્થાત્ વીતરાગ સ્થિતિને મેળવી છે.

રાગ, દ્વેષ, અને તત્ ફલ સ્વરૂપ ભવ બીજાંકુરોના જેમણે પુષ્પિત, પલ્લવીત અને ફલિત થવાના કારણોને

માર્ગે ચાલનારી છે. તેનો મનુષ્ય જીવનમાં સરળ રીતે સંગમ થઇ જાય છે. આ પુનીત સંગમ જ ભવથી પાછા ફરવા માટે પ્રોત્સાહન આપે છે.

દેવ ! આપ મહાગોપ છો રાગ દ્વેષાદિ પ્રત્યેક વિપરિણતિઓનું સર્વ પ્રકારે દલન કરી ચતુર્ગતિમાં ભ્રમણ કરનારા જીવોને સકુશળ ગોપાલકની પેઠે સ્વસ્થાનના તરફ પ્રેરિત કરનારા છો ! ગોપાલક પશુઓને લીલાછમ જંગલ તરફ લઇ જઇ હિંસક જાનવરોથી તેમનું રક્ષણ કરે છે. તેવી જ રીતે ષટ્કાયિક જીવોને આત્મપ્રગતિની હરિયાળી તરફ દિશાદર્શન કરાવી કષાયાદિ હિંસ્ર જંતુઓથી બચાવનાર આપ છો.

દેવ ! આપ મહામાહણ છો ! ત્રસિત જીવ જ્યાં દુખી થઇ રહ્યા છે. પ્રત્યેક સુખમય જીવન જીવવાની ઇચ્છાવાળા છે પરંતુ મરવું કોઇને પ્રિય નથી કોઈ કોઇને મત મારો ! મત હણો ! અસહાયકના સહાયક છો આપ. એટલે જ આપ વિતરાગ છો. કિન્તુ જીવમાત્રને જીવવાનો અધિકાર અપાવનાર પણ આપ. એટલે જ આપ તો આપ જ છો સ્વયંભૂ છો.

દેવ ! આપ મહા નિર્યામિક છો ! અદૃષ્ટ કિનારો છે જેનો, અકળ છે ઉંડાઇ જેની એવો આ ભયંકર સંસાર-સમુદ્ર ! જીવન જહાજમાં બેસીને ચાલી રહ્યા છે ચાર ગતિના જીવો, દક્ષ નિર્યામિક નાવિક જ પાર લગાવી શકે છે. એ જહાજ પાર ઉતારી શકે છે એ યાત્રિઓને, આપ જ છો

સમજે છે. અને પછી પરમ અર્થની અનુભૂતિ થાય છે, જે સ્વભાવના શૃંગ ઉપર આસીન કરે છે. આમ સ્વાર્થ પરાર્થ અને પરમાર્થની આવી પગથાર છે.

પ્રાર્થના, પ્રાર્થનીય પાસે કરવામાં આવે છે. પ્રાર્થનીય છે. જે તેનું વિશ્લેષણ કરવું પણ આવશ્યક છે. સેવક સ્વામિત્વ-ભાવને સમજીને હૃદયમાં મૂર્તરૂપ આપવું એ પણ વાંછનીય છે કેમ કે કુડા કચરા અથવા ખાડા ટેકરાને સાફ કર્યા વગર કલર પેઇન્ટ ટકી શકતો નથી. અથવા જે તેજ આવવું જોઇએ તે આવી શકતું નથી. માટે સફાઇ અને ખાડા ટેકરાને સમાન કરી લેવાથી અત્યુત્તમ રહે છે.

ઠીક એ જ સ્થિતિ આ બાજુ પ્રાર્થનાના પ્રાકટ્ય પ્રાબલ્ય, અને ચિર સ્થૈર્યના માટે પરમાવશ્યક છે. દેખવું જોઇએ કે મનોભાવનો ભૂભાગ કઇ તરફ સમ–વિસમ થઈ રહ્યો છે કે જે પ્રાર્થનાને અસફળ કરવામાં સફળતા મેળવે છે.

ઘણીવાર અનેક જન્મોમાં પ્રાર્થના કરી પરંતુ ભાવ-સ્વભાવના તરફ દેખીને નહિ ફક્ત ભવના તરફ દેખીને કરી એટલે જ પ્રાર્થના પ્રબળ ન થઇ શકી.

“जय वीयराय” હે વીતરાગ ! જગતના પરમોત્તમ ! પુરુષોત્તમ દેવ ! તમારી જય થાઓ એટલા માટે જ કે આપ જેતા છો વિજેતા છો, ત્રાતા છો, અને પ્રાણીમાત્રને વિજેતા બનવાનું પ્રબળ સામર્થ્ય પ્રદાન કરનારા છો

હે વીતરાગ ! તમારી જય હો [૨]

ભવનુ સ્વરૂપ જ્યારે નારી ગીત સમજમા આવી જાય ત્યારે જ ભાવની મહત્તાના દર્શન થઇ શકે છે એ તો નિશ્ચિત જ છે કે ભવનુ ભ્રમણ ભાવથી ભૂલાવનારુ, ભટકાવનારુ છે સ્વાર્થની મૃગતૃષ્ણા તરફ ધકેલી દેનાર છે એ મૃગતૃષ્ણા જીવનમા કષાયોને જન્મ આપે છે ત્યારપછી ક્રોધથી ચલિત થયેલો એ સાધક ડગ-ડગમા ફેલાઇ જઇ અસહાય બનીને ઉત્પીડનનો અનુભવ કરે છે

ક્રોધનો દાવાનળ એને બાળતો રહે છે એટલુ જ નહિ પણ તે ભવ નાશના તરફ પ્રેરે છે ભયંકર જંગલમા લાગેલો દાવાનળ રાક્ષસની પેઠે જેમ ભવ નાશ કરી દે છે, તેવી જ રીતે જીવનપ્રદેશના ગુણાઢ્ય વૃક્ષને ક્રોધને એ દાવાનળ ભસ્મીભૂત કરી નાખે છે એ સમય અને ઇન્દ્રિયો રોકી નખાય અને તેને ઉપશાન્ત ન કરે તો પછી સાધક મનની અંધેરી કોટડીમા એ કેદ થાય છે

તીયાં મારે છતાં તે કંઇ પણ દેખી શકતો નથી. તેને નથી સમજાતું કે હું શું કરી રહ્યો છું?

સ્વાર્થની આ શ્યામલતા મારા નિર્મળ આત્માને કલંકિત કરી રહેલ છે અને હું ભવના તરફ ઘસડાતો રહ્યો છું અધઃપતનને આમંત્રણ આપું છું. માનની એ ભયંકર અંધારી કોટડીમાં ભમતો રહીશ તો મારી કેવી કફોડી દશા થશે? પરંતુ ભવાભિનંદીપણાના લીધે મનોવૃત્તિ પતિત થઇ જાય છે તેની પણ તેને દરકાર રહેતી નથી.

સ્વાર્થની આ અટવીમાં માયાએ પોતાની જાળ-પાશ પાથરીને તૈયાર રાખેલી છે એની એક પછીની એક એ આંકડીમાંઓથી પસાર થવું ઘણું કપરૂં થઇ જાય છે. ભવનું વૃક્ષ આગળ જતાં ધીમે ધીમે શાખાઉપશાખા-ઓથી પલ્લવિત થતું જાય છે પરિણામતઃ બદ્ધ, સ્પષ્ટ યા નિકાચિત કર્મ સ્થિતિના પરિપાકની અનુભૂતિ ભવાંતરમાં પણ જીવાત્માને કરવી પડે છે.

કયાં દૂર છે એનું પ્રમાણ? છ મિત્રોથી પ્રચ્છન્ન રીતે ઘોર તપ કરતા રહ્યા અને કર્મ ઇન્ધનને બાળી નાંખ્યા. આત્મશત્રુઓને પરાજિત કરી સ્વત્વને પામી ગયા છતાં પણ માયાથી બંધાઇને એ શ્રેષ્ઠ કાર્ય કર્યું તપના બળથી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું પ્રકૃષ્ટ પુણ્ય પ્રકૃતિનો બંધ થયો છતાં પરિપક્વ સ્થિતિમા સ્ત્રીવેદ પ્રાપ્ત કરીને એ અલૌકિક ઐશ્વર્યને ભોગવવુ પડયું, આ છે માયાનું કંઇ ફળ અથવા પરિણામ

હા, તો ભવની ભ્રાંતિને દૂર કરી નાખવા માટે ભાવોનું
જગ અવશ્ય આવશ્યક ગણાયું છે, હૃદયમાં વિશાળતા
વિચારોમાં ઉદારતા કાયમાં તત્પરતા અને વ્યવહારમાં
નઉદયતા આમ આ ચતુષ્પદી ભાવોમાં નિશ્ચિંતતા લાવવા માટે
અનાથ રણુ સહયોગી મન છે ત્યાં સુધી સ્થિરતાનો અભાવ
હોય છે ત્યાં સુધી મન-નચ્છનાની નભાવના ક્યાંથી હોય ?

નાના વાસણમાં પડતા પાણીને સૌ ... શકે છે
અધિક નનાગમન અને અસ્થિરતાના કારણથી ન ... જ
રહે છે ભાવોની અસ્થિરતાથી જે નુકશાન થાય છે તેનું
સુંદર ચિત્રણ ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજના
શબ્દોમાં આ રીતે દર્શાય છે

उदिरयिष्यसि स्वान्तादस्थैर्यं पवनं यदि ।
समाधे-र्धर्ममेघस्य घटां विघटयिष्यसि ॥
— स्थिरताष्टकम्

આમાં પોતાના પ્રત્યે સંબોધન છે ઉદ્બોધન છે સાથે એ
નહિ સમજે તો તેનાથી કેવા પ્રકારનું અનિષ્ટ નીપજશે તેનું
સ્પંદન જ નહિ પણ સ્પષ્ટ સૂચન છે પ્રાય નાની નાની
વાતો પણ માનવ-મસ્તિષ્કમાં ચંચળતા ઉત્પન્ન કરી તેને ઉદ્વિ
ગ્ન બની વિચલિત કરી દે છે અને એક અબોધ બાળકની
જેમ પોતાના કર્તવ્ય પથથી વિમુખ કરે છે તે તરફ ધ્યાન
ખેંચતા ઉપાધ્યાયશ્રીએ ગંભીર અને ગહન-ભાવોથી ભરપૂર
માન બનાવી ... ઓને બચાવવા માટે પ્રશસ્ત નિર્દેશન
કર્યું છે

અસ્થિરતાના પ્રચંડ વાયુમંડળે જો તારા જીવન-પ્રદેશને ઘેરી લીધો અર્થાત્ બેલગામ ઘોડાની જેમ તારી મનોવૃત્તિઓ દોડવા લાગી તો તારી પોતાની જે સમાધિરૂપ ધર્મની મેઘ-ઘટા છે તેને વિખેરાઈ જતાં વાર લાગશે નહિ જે તને સ્વાર્થના તરફ ખેંચી જશે.

સાધકનો પ્રસ્તુત સંબંધ ભવના ઉત્પાદક સ્વાર્થ અને તેને સિંચન કરવાવાળી કષાયજન્ય પ્રવૃત્તિઓજ છે.

માયાદેવીની સુંવાળી, ચમકતી અને ભભકાવાળી ચમકમાં આવીને જો ચમકી ગયા તો પછી રાક્ષસવૃત્તિ જેવો લોભ પ્રગટ થઇ જશે, અને પછી સર્વ પ્રકારના અનિષ્ટકારી વિચારોનું સામ્રાજ્ય વધી જશે. પરિણામે દુર્વિચારોના અંકુરા ફાલી-ફુલીને આત્મપ્રદેશને સુગંધહીન બનાવી જશે.

એટલે જ હે વીતરાગ! નિરાધારના આધાર! દુઃખીઓના માટે દુઃખી વત્સલ! આપની જય હો! હે દેવ! મારી પ્રત્યેક નાડીમા (નસમાં) આ ગુંજારવ છે કારણ આપે વિશ્વને સ્વાર્થનુ દુઃખદ સ્વરૂપ બતાવ્યુ અને સાથે જ દુઃખથી મુક્ત થવાનો સરળ અને સુંદર માર્ગ બતાવ્યો

સ્વાર્થ જે ભવોત્પાદન માટેનું કારખાનું છે, જેના વડે જન્મ અને જરાના સાથે આધિ, વ્યાધિ અને ઉપાધિઓ વધતી રહે છે એના સકંજામાં જે વ્યક્તિ ઝડપાઈ જાય છે તે નિર્બળતાનો અનુભવ કરે છે. મન, વચન અને કાયાથી અકર્મણ્ય બની જાય છે

જેવી રીતે ભવ, ભાવ અને સ્વભાવ છે તેઓને ક્રમશઃ સ્વાર્થ, પરાર્થ અને પરમાર્થની શ્રેણીમાં પણ મૂકી શકાય છે અને એમની જ પરાકાષ્ઠાને નિર્મળ, સબળ અને પ્રગટ આ ત્રણ પ્રક્રિયાથી ઓળખી શકાય છે આ છે એ ત્રિપુટીનો મર્મ ! જેને અબોધ સમજી શકે નહિ, અજાણ્યો જાણી શકે નહિ અને સંકુચિત માનસ ધરાવનાર તેના અંતસ્તલને સ્પર્શી શકે નહિ

આ બધાનું સમજવું જાણવું અને દેખવું એ બધુંય સંભવ છે પરંતુ ક્યારે ? જ્યારે હૃદયાન્તરમાંથી પ્રસારિત થાય આ ધ્વનિ કે 'હે વીતરાગ ! તમારી જય થાઓ.' જગાડી દે ઊંઘનારાઓને એ દિવ્ય ધ્વનિ ભગાડી દે અંધકારને એ દિવ્યભાવના દીવાકર જેઓ જીતી ગયા તેઓનો જય થાઓ જેઓ જીતી રહ્યા છે તેઓનો જય થાઓ અને જેઓ જીતશે તેમનો પણ જય થાઓ. ત્રણ લોકના નાથ બન્યા બને છે અને બનશે એ વીતરાગ દેવોનો સદા જય થાઓ.

જય વીતરાગ નું ઉચ્ચારણ માત્ર કરવાથી ફલિત થાય છે એ પરમશ્રેષ્ઠ ભાવનાનું ઉદ્ધારણ સ્વયં ઊંચા છો એટલું જ નહિ પરંતુ બાળજીવોને ઉગારવા માટે પણ આપ સમર્થ છો. વાસ્તવિક આપ તરે અને બાળજીવોને તારવા માટે પણ શક્તિમાન છો.

દેવ ! આપની જય થાઓ એ હૃદયનું પ્રતિબિંબ

ઉચ્ચારણ, રટણ, જપન કરતાં મારી જીહ્વા થાકતી નથી, કંપતી નથી અને વિશ્રામ પણ ઇચ્છતી નથી.

ભાવ સંવૃદ્ધિનું કાર્ય પણ ભવથી જ કરી શકાય છે પરંતુ આ સંભવે ત્યારે જ કે જ્યારે 'જળકમળ' ન્યાયથી જીવનનું ઘડતર અને ચણતર કરવામાં આવે તો. પાણીમાં તરવાની ઇચ્છાવાળા બધાય તરે છે છતાંય અજાણ કુશળતાના અભાવે ડુબે છે, જાણકાર પાર ઉતરી જાય છે.

ઈલિકા ભ્રમરનું ધ્યાન કરીને ભ્રમરત્વને પ્રાપ્ત કરી લે છે એ કોણ નથી જાણતું ? એથી જ ધ્યાન અને ધ્યાતાની યોગ્યતા પર આખોય નિર્ણય અવલંબી રહે છે

'वीयराय' શબ્દોચ્ચારણ કરતાં જ વીતરાગતાના દર્શન સ્હેજે થઇને વીતરાગદેવની સાક્ષાત્ પ્રતિમા મૂર્તરૂપે દૃષ્ટિ સન્મુખ ઉપસ્થિત થઇ જાય છે.

પોતાની મુખાકૃતિ જોવાની આકાંક્ષા રાખનાર વ્યક્તિના સામે જો દર્પણ લાવી મૂકવામાં આવે તો તેને કેટલો આનંદ થાય ? તે પોતાના રૂપને સ્હેલાઈથી જોઈ લે છે અને બાહ્ય શૃંગારોને પણ વ્યવસ્થિત કરી લે છે ઠીક તેવી જ સ્વયંની સ્થિતિ **'वीयराय'** ધ્વનિના સાથે તેના સ્વરૂપમાં રમણ કરનાર વ્યક્તિને થાય છેઃ

દેવ ! મારા રોમેરોમમાં પ્રફુલ્લિતતા પ્રસરી રહી છે. **'जय वीयराय'** નો પવિત્ર શુદ્ધ ઉચ્ચાર અને વર્ણન વાણીથી અસંભવિત છે. સંપૂર્ણ ચિત્રણના માટે શબ્દોની ન્યૂનતા દેખાય છે.

હે વીતરાગ ! તમારી જય હો.

કષાયની ચોકડીએ જાળ પાથરી દીધી છે એના ઉ[પર] સેવવાથી ફૂલોની કોમળ શય્યાનો અનુભવ થતો નથી પરં[તુ] તિક્ષ્ણ ધાર વાળી શૂળો દેહપીંજરમાં પેસી ભોંકાઈ ર[હી] છે સુખના બદલે કષ્ટ દુઃખ મને આપે છે છતાં પણ આજ સુધી ભવ અને તેના સંબંધ કોને નાથ આપ્યો, ત્યાગ આપી અને તેને વિજય અપાવ્યો પોતાના જય-પરાજયનો જરા પણ વિચાર કર્યો નહિ પરિણામ પ્રતિકૂળ થયું એટલું જ નહિ ન્યાય સ્વપરીક્ષાના અનાદર બન્યા

દેવ! અનન્તગામી વિવેકના પ્રકાશ થયો અને જાણ્યું કે ભવાનંદ ઝેર છે બાર સ્વભાવમાં અમૃત છે અદ્યાવધિ પર્યંત પ્રાયઃ આ જ ક્રમ રહ્યો ઝેરને અમૃત માન્યું અને એનો નશો પણ અત્યાર રહ્યો નથ દશા દે છે અને અનુ ભવ તત્ક્ષણ આખાય શરીરમાં પ્રસરી જાય છે યોગ્ય ગા[રુડી] એ ઝેરને ઉતારી શકે છે અરે એવું પણ બને છે કે ગારૂડીના નામસ્મરણ માત્રથી પણ એ ઝેર ઉતરી જાય છે અબોધ જનોની આવી દશા બની, બને છે અને બનશે સંસારના સ્વાર્થજન્ય વળગના પ્રલોભનોનો વિષધર જૂ[દી] રીતે દંશ દે છે અને પરિણામે ભવથી પરાઙ્મુખ કરી દે છે પરંતુ જ્યારથી 'જય વીતરાગ' નું પવિત્ર સ્મરણ રટણ અને મનનનો પ્રારંભ થાય છે ત્યાર પછી આ પ્રલોભનોની કંઈ પણ અસર થઈ શકતી નથી

દેવ! આપ પ્રાપ્ય, હું પ્રાર્થી અને સતત સતત ઉપર પ્રાર્થના કરતો રહ્યો પરંતુ એમાં આપનું સત્ત્વ રહ્યું

નહિ હોવાથી એ બધુંય વિફળ ગયું. એ પ્રાર્થના પોતા સુધી જ રહી મારા સુધી આવીને મને જાગૃત ન કરી શકી.

દેવાધિદેવ! આપ વીતરાગ બન્યા. સ્વસ્થિતિને પ્રાપ્ત કરી ત્યારે જ તો હું અધસ્તલથી આટલો ઉપર આવી શક્યો છું. અનેક ઉપકારોમાં સર્વતોમુખી શ્રેષ્ઠતમ ઉપકાર આપનો આ જ છે. ચિરકાળ સુધી સદા સર્વદા સ્મૃતિ પટ પર અંકિત બની ગયો છે. જેના કારણથી જ હું 'जय वीयराय' નું આલંબન લેવા ઉદ્યમવંત થયો છું.

અન્યથા ક્યાં એ નિગોદની વ્યવહારરાશિ અને ક્યાં ઉત્તમોત્તમ દુર્લભ માનવ જન્મ. ભવના બંધનથી છુટવા માટે સાધક, ઉપાસક પુનઃ પુનઃ શબ્દ ઝલ્લરીનો નાદ કરે છે. ' હે વીતરાગ દેવ! આપની જય થાઓ.

ભવભ્રમણના કડવા અનુભવોની અનુભૂતિના સાથે ભાવનો સુમધુર સ્વાદ અને અમૃતમય અનુભવનું મનનીય આસ્વાદનીય વર્ણન 'પ્રાર્થનાના પ્રાબલ્યમાંથી પ્રાપ્ત કરી શકાય છે.

જ્યાં સ્વાર્થ છે ત્યાં નિર્બળતા છે, અનર્થકારી વિચાર, વાણી અને વ્યવહાર ઉત્પન્ન થઈ જાય છે, એટલું જ નહિ પરંતુ અપકર્ષ યાને મલીનતા તરફ પગરણ મંડાય છે, એટલા માટે જ ભાવોની વિશુદ્ધિ પર ભાર આપી કહેવામાં આવેલ છે કે ' ભાવના ભવનાશિની.' ભવના ઘનાંધકારને દૂર કરવા માટે સદ્‌ભાવનાનો એક દીપક પણ પર્યાપ્ત છે. પણ તે દીપક હોવો જોઈએ સ્નેહથી પરિપૂર્ણ. જો સ્નિહ–સ્નેહની ન્યૂનતા રહી ગઈ તો રસ્તામા જ ઓલવાઇ જશે અને અંતમાં દર

હે જગદ્ગુરો ! આપનો જય હો ! [૩]

હાં, સાધક અંતરની પ્રત્યેક તરંગમાળા અને ભાવોની હારમાળાને લઈને ભાવાંકાશને સ્વચ્છ બનાવી ઉત્તમ ભાવના ભાવતાં કહે છે– 'जगगुरु' જગગુરૂદેવ ! આપ જગતના ગુરૂ છો એક સમૂહનું હિત ઇચ્છનાર તો ત્યાં જઈ (સિમિત) અટકી જાય છે. પરંતુ જગત ચરાચરનું સુખ, કલ્યાણ અને મંગલ ઈચ્છનાર 'ગુરુ' પદથી સુશોભિત બને, એમાં શંકાને સ્થાન હોય જ નહિ.

દેવ ! આપ વિશ્વવન્દ્ય, વિજેતા અને જગદ્ગુરૂ બન્યા એના પહેલા આપે શું શું સહન નથી કર્યું ! કેટલાય અસહ્ય પહાડોને કેટલી અને કેવી ખુબીથી જમીનદોસ્ત કર્યાં, ખરેખર ! આપની અપૂર્વ સહનશીલતા અને નિર્ભયતાના સાથે આત્મશક્તિથી આપ જગજંતુના તારણહ જાગરૂક ઉદ્બોધક થયા.

ગુરૂપદને પ્રાપ્ત કરવું અને એને પૂરેપૂરૂ નિભાવ

ને સુર, નર, જન, મન, ઉલ્લસિત હતાં. જ્યારે અને જ્યાં જગદ્ગુરૂનું શુભાગમ થતું ત્યારે એ અષ્ટ પ્રાતિહાર્યો ગુરૂપદના વિશદ સ્વરૂપનો પરિચય કરાવતા દૃષ્ટિગોચર થતા.

જગદ્ગુરૂની જ્યાં બેસવાની ભાવના થતી, ત્યાં દેવો દ્વારા નવ નવ વિધાનથી સમવસરણની સુંદર રચના કરવામા આવતી દેહયષ્ટિથી બારગણું ઊંચુ દીર્ઘકાય રહેતું હતું અશોકવૃક્ષ અને સુર, સુરેન્દ્રો ગગનમાર્ગેથી સુગંધી પંચવર્ણનાં પુષ્પોની વૃષ્ટિ કરતા હતા. તે દેવતાઓ જ અભૂતપૂર્વ દિવ્યનાદથી માનવ જગતને જગદ્ગુરૂની પધરા- મણીની જાણ કરતા હતા. શ્વેત ચામર ઢાળતાં એ પોતાને ધન્ય માનતા હતા. સિંહાસન જગદ્ગુરૂની પ્રકૃષ્ટ પુણ્યપ્રકૃતિનું સાક્ષાત્કાર કરાવતુ હતું. દુંદુભીનો મધુર અવાજ પ્રાણીમાત્રને ઉદ્બોધિત કરતો હતો. દેદિપ્યમાન ભામંડળ પ્રખર જ્યોતિપુંજને સંવૃત કરી સૂર્યની શોભાને પણ તિરસ્કૃત કરતું હતું

દેવ ! આપ ગુરૂ નહિ. ગુરૂના પણ ગુરૂ છો. કેમ કે જે ભૂમિને આપના પાવન પાદારવિંદોએ સ્પર્શી છે તે ભૂમિ ભાગ્યશાલિની બની, અકાળ દુષ્કાળથી રહિત બની એટલું જ નહિ સવાસો યોજન સુધી સ્વચક્ર કે પરચક્રનો ભય નહોતો રહેતો. ભયંકર રોગોની ઉત્પત્તિ ન થતી અ નહોતી થતી અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ.

દેવ ! આપ 'ગુરૂ, 'જગદ્ગુરૂ' ! આપની દેહય ...ન પણ અત્યન્ત પ્રભાવકારક હતું. અદ્ભુત રૂપવ

... પરંતુ આપ તો પ્રાણીમાત્રનું કલ્યાણ ઇચ્છનાર હતા. 'સવિ જીવ કરૂં શાસન રસી' ના પરમોત્કૃષ્ટ ભાવ હતા આપના ! એક નહિ અનેક ચંડ ક્રોધ પ્રકૃતિથી પીડિત ચંડકૌશિકોને શરદના ચાંદની જેવી શીતળતા આપવાવાળા આપ, આપનો ઉચ્ચ ધ્યેય બનાવ્યો હતો આપે, અને એટલા માટે જ આપ તે તરફ ચાલ્યા. પછી....?

જગદ્‌ગુરૂ ઊભા છે અને તેજ તેનો ફુંફાડો અન્ય સાધારણ માણસ માટે કરવામા આવતો હતો, તે અજાણ કેવી રીતે જાણી શકે ? કે આ જગદ્‌ગુરૂ છે એક પછી એક ફુંફાડા માર્યા છતા આ તો મેરૂના જેવી અડગતાધારીને ઊભા છે. ચંડકૌશિકથી ન રહેવાયું. આમ પોતાનો પરિશ્રમ નિષ્ફળ કરી નાખનારને એ સહી શક્યો નહિ અને એક-દમ દમ ભરીને દાવ લગાવ્યો જોરથી ડંખ દીધો અને દૂર રહીને પોતાના સાહસની સફળતાને નિરખી રહ્યો.

પરંતુ આ શુ ? ગંગા ઉલટી વહેવા માંડી પરિણામ એની ધારણાથી જુદું જ આવ્યુ. લોહીની દુનિયામા વસનાર ચંડકૌશિક શ્વેત ધારા પ્રવાહને દેખીને દિગ્‌મૂઢ થઇ ગયો. એણે ન કલ્પેલું દશ્ય એને આશ્ચર્યમાં ગરકાવ કરી ગયું.

અને ત્યા જ આ શું ? જગદ્‌ગુરૂના મુખારવિંદથી અમી વર્ષા થવા માંડી, મીઠી મધુર વીણા જાણે વાગવા માંડી એના કલ્યાણમાર્ગની બુઝ. બુઝ. ચંડકૌશિક બુઝ... એ વીણાની સ્વર-પંક્તિએ અજબ જાદુ કર્યું ઝેર ભરેલા અમૃતથી છલકા- ને અમૃત બનાવી દીધુ

જ્ઞાનાવરણીય કર્મ; જેનું વલણ પ્રકાશને ઢાંકવા તરફનું હોય છે. અપૂર્વ એવા સમ્યગ્જ્ઞાનના પ્રકાશ અને આત્માના વચ્ચે પટ્ટાવરણ જેમ થઈને રહેવું, એનો એ સ્વભાવ છે જેથી કે અંધકારમાં અથડાતા આ આત્માને રસ્તો દેખાય જ નહિ. આત્મિકજ્ઞાનના શક્તિપુંજને ઢાંકી રાખવો કે જેથી પ્રાણી સ્વયંના દર્શનથી પણ વંચિત થઈ જાય, શાસ્ત્રીય-ભાષામાં પણ આ કર્મને 'પટ'ના સ્વભાવવાળું કહેવાય છે. આવા અલૌકિક કેવળજ્ઞાન-ગુણનો ઘાત કરનાર હોવાથી જ્ઞાનાવરણીય કર્મ ઘાતીકર્મની પંક્તિમાં મૂકાયેલું છે.

દર્શનાવરણીય કર્મ ! એ પણ મને તો ખોબાં દેખાડીને જ ખુશ કરતું રહે પરંતુ અંદરના માલને અડવા જતાં વાંધા ઉભા કરીને રસ્તો રોકી લે છે. શાસ્ત્રીય ભાષામાં જેને પ્રતિહારી તરીકે ઓળખાવવામાં આવ્યું છે

જગદ્‌વત્સલ દેવ! ત્રીજે નંબરે છે. મોહનીય કર્મ. જેને સર્વ કર્મોનો અધિપતિ કહીએ તો પણ અતિશયોક્તિ નથી. કારણ, ચાલતુ બધુ જ તંત્ર મોહ મહારાજાના સચિવાલયથી સંચલિત છે બીજાં કર્મોની દૃષ્ટિએ પણ આનું સ્થાન ઉંચુ છે. જેની સ્થિતિ વધારે તેનું બળ વધારે, તેની સત્તા વધારે અને તેનું ચક્કપણ ઘણુ ચક્કાવાવાળું સીત્તેર કોડા–કોડી સાગરો-પમની સ્થિતિવાળું આ કર્મ શું શું ન કરે? શું ન કરાવે? ત્યાજ્ય એવા નશાની સાથે આની સરખામણી કરીને મદિરાની હરોળમા મૂકવામા આવ્યું છે આ કર્મને એ: દારૂડિયો- દારૂ પીધા પછી શું શું નવાજુની નથી કરતો ગાંડાની જેમ આટા મારતો ફરતો રહે છે. એવી જ દ: મોહમા સપડાયેલાની થઈ જાય છે.

ચોથુ સ્થાન એ અંતરાય કર્મનું ...જે દાન, લા.., ભોગ, ઉપભોગ, અને વીર્ય, જે આત્મશક્તિ માટે આવશ્યક છે, એની પ્રાપ્તિમાં અંતરાયો ઉભા કરવાનું કામ આ કર્મનું છે .આની સરખામણી ભંડારી અને ખજાનચી જોડે કરવામ આવે છે માલ ખજાનામા છે પરંતુ કુંચી- ખજાનચી પા રહે છે. જ્યાં સુધી ખોલે નહિ ત્યાં સુધી સંપત્તિ : પણ કામમાં આવી શકતી જ નથી.

'ન'. ભાવોનો આવિર્ભાવ થયા પછી ન થવાની વૃત્તિ સમાપ્ત થઈને સર્વ સંભવિત છે એવી અસાધારણ આત્મિક શક્તિ જાગૃત થાય છે. નમ્રતાનો આવિર્ભાવ અને ભારથી હળવા થઈ જાય છે. માટીના લેપથી ભારવાળુ થયેલ તુંબડુ જળના યોગે માટી દુર થતાં ભોયતળથી ઉપર આવે છે, તેમ ભાવના જળનો સંયોગ મળતાં જ દુર્ભાવોની મલિનતા ઓસરી જાય છે અને સ્વાભાવિક ઉર્ધ્વસ્થિતિ તરફ પગલાં મંડાય છે.

દેવ! બધુંય મળ્યું છે જે કંઈ મને, અને મળવાનું છે જે કંઈ મને તેમાં મારી છે માત્ર પ્રવૃત્તિ અને પ્રભાવ છે બધોય આપનો! આપની અમીદૃષ્ટિએ જ અમારો માર્ગ પ્રશસ્ત કર્યો છે. સાધક અત્યંત ભાવિત મનોવેગથી કહેતો જાય છે, होउ ममं तुह पभावओ भयवं!

આપના શરણે આવતાં જ જ્ઞાનાવરણીય કર્મના ભૂક્કા ઉડવાની તૈયારીઓ થઈ જાય છે. પ્રવૃત્તિ સતેજ બને છે. અને ક્રમશઃ જ્ઞાનાવરણ દુર થઈ સમ્યગ્જ્ઞાનની જ્યોત પ્રજ્વલિત થાય છે. અંધારાં દુર થતાં અજવાળાં પથરાય છે. ચર્મચક્ષુ બીડાઈ જાય છતાં બધુ પ્રત્યક્ષના જેવું દેખાય છે.

પાટો દુર થતાં રોકનારાઓના બળનું માપ કાઢી શકાય છે અને પછી દર્શનનાં દિવ્યચક્ષુ ઉઘડી જાય છે. પોતે કેટલુ મેળવવાનું હતું અને કેવો નિરાધાર રહીને તો રહ્યો તેનું દર્શન થઈ જાય છે.

પ્રતિ મીટ માંડે છે અને મનને તે તરફ વાળતાં સમજાવે છે. તેને થોડામાં ઘણો અહંકાર અને અપૂર્વ અનંતના ધણીને અંશમાત્ર પણ નહિ ત્યારે તું શું ગણત્રીમાં છે? એ સાગર છે, તું ખાબોચિયા જેવો છે અને એમાં ય તને આટલો અહંભાવ છે?

બધુંય પામ્યાનો નશો જ્યારે ચડી જાય છે ત્યારે સાધક વક્રગતિવાળા મનને કહે છે કે તેં શું પામ્યું છે? અંતમાં તો ભમવું જ છે. જેને હવે ભમવાનું નથી રહ્યું તેઓ જરૂર બધુંજ પામ્યા છે, બધુંય મેળવ્યું છતાં સંતો કેટલો છે? છે તારામાં આનો અંશાત્મક પણ સંતોષ

આમ સાધકની મન, વચન અને કાયાની પ્રવૃત્તિ સ્વસ્તોમુખી થતાં એટલું ઉચ્ચારે છે દેવ! જે કંઈ મળ્યું છે, મળે છે એ સર્વમા દયા આપની જ રહેલી છે.

કોઈપણ ભવમાં એક ક્ષણના માટે પણ જો વીતરાગ વાણીનો સર્વ રીતે સંસર્ગ થયો હોય તો તે અવશ સાથે રહીને સમ્માર્ગદર્શન કરતો રહે છે.

સાધક પુન કહેતો રહે છે કે **होउ मम तुह पभाव भयवं**। હે ભગવાન! આપના પ્રભાવથી મને મળો.

દેવ!, જેણે અમૃતનો સ્વાદ ચાખ્યો નથી તેની કલ્પના પણ કેવી રીતે આવી શકે? ભવસ્વરૂપ અને સ્વભાવ એનો આનંદ આ વિષયને સમજી લેવા — અજ્ઞાની જીવોના માટે એક સમસ્યા બની જાય છે; છત

રહ્યો, છું અને કરતો રહીશ. હું નિઃશંકપણે આપના ચરણને ગ્રહીને આપને જ અર્પું છું આ જીવન, જેથી જેવું જોઈએ એવું જ મેળવી શકું. સંસારનો છેડો નથી, આરો-ઓવારો નથી. ધાન્યમાં કાંકરા હોય, એમ મારામાં પણ ક્ષતિઓના કાંકરા હશે ખરા છતાં પણ આપ મળ્યા એટલે મારામાં ભવ કરતાં ભાવ વિશેષ જાગૃત થયા છે અને તેથી સ્વાનંદની પણ પ્રાપ્તિ સરળ થશે.

મળો ભવથી નિર્વેદ

[૭]

ઘણાં ઘણું ચિંતન કર્યું અને વિચાર્યું ત્યારપછી જ સ્પષ્ટ સમજાવા માંડ્યું છે કે અતિક્રમણ કરવાથી ભવ વધ્યા વધતા જઇ રહ્યા છે તે કોઇ પ્રદેશ યા વ્યક્તિનું નહિ પરંતુ દેવાધિદેવની આજ્ઞાનું અતિક્રમણ કર્યું એથી જ આવું સમજાયું છે કે પ્રતિક્રમણ કરવાથી ભાવવૃદ્ધિ થઇ શકે છે અને સ્વરમણતાથી સ્વભાવની પ્રતિભા પ્રાપ્ત કરી શકાય છે આ બધાયનું પરમશ્રેય પરમતારક એવા આપને છોડીને કોના શિરે ઢોળી શકે?

દેવ! વૈરાગ્ય પૂર્ણ મહાદેવ! અમરતાને અપાવનારી દિવ્યગુટિકા બનાવીને ખરેખર! આપે અખિલ વિશ્વના પ્રાણીમાત્ર ઉપર અનહદ ઉપકાર કર્યો છે અને એટલે જ હવે હું એ ગુટિકાની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરું છું કારણ આપનાથી જ બધુંય મળ્યું છે ભવને ઘટાડનારા આપ મળ્યા છો, ભવને ઉજ્જવળ કરનાર સ્વભાવની પરિણતિ જરૂર થઈ છે

હવે યાચના કરું છું. મને મળો આપના પ્રભાવથી 'भयवं भव निव्वेओ' ભવથી નિર્વેદી સ્ત્રી, પુરુષ અને નપુંસક ત્રણ લિંગની ગ્રન્થીઓથી મુક્તિ મળો. મેં જોયું છે કે આ ગ્રન્થીઓના સર્જક છે ચાર કષાય ! ક્રોધે પાવક બનીને મારા આત્મગુણોના કોશાગારને બાળીને ભસ્મીભૂત કરી દીધો, માને મહીધર બનીને મારા પ્રગતિપંથને રુંધી નાખ્યો, માયાએ મૃગતૃષ્ણાની જાળ પાથરીનેમને તેમાં પકડી લીધો અને શક્તિહીન કરી દીધો. લોભે મારી સમસ્થિતિને રાક્ષસીના જેવી બનાવી દીધી.

એક વ્યાપારી વ્યાપાર કરે; એ માટેનો અનુભવ પણ પ્રાપ્ત કરી લે; પોતાને લાભ થઈ રહ્યો છે એ પોતે લે અને પછી જો તે ભોગ અથવા તો વિલાસનો કીડો થઈને લાભ માર્ગના તરફ દૃષ્ટિપાત શુદ્ધાં ન કરે, તેના લાભરૂપ કાર્યમાં કારણભૂત કારણો પ્રતિ ઉપેક્ષા સેવે તો તે નિશ્ચય પોતાના લાભને હાનિમાં ફેરવી રહ્યો છે, લાભને અલાભના રૂપમાં મૂકી રહ્યો છે, એમાં કોઇ સંદેહ નથી,

આત્મિક સમૃધિના માટે પણ વ્યાપાર ચાલી રહ્યો છે. જન્મ—જન્મથી તેનું કાર્ય અવ્યવસ્થિત ચાલતું આવ્યું, અગણિત ભવ કર્યા પરંતુ ભાવવૃદ્ધિ ન થવાના કારણે વ્યવસાયમાં આવશ્યક અથવા આશાસ્પદ લાભપ્રાપ્તિ ન થઈ શકી. ફક્ત એટલું જરૂર થયું છે કે માનવનો જન્મ મેળવી શકાયો છે, છતાં વર્તમાનમાં લાભનો વ્યવસાય જ ક્યાં છે ? બધી સામગ્રી મળી, બધાયે સંયોગો સાપડ્યા પરંતુ હું એવો ને એવો !

...ટે જ કટુતાને દૂર કરીને આગળ પગરણ માંડો એ નક્કી સમજી રાખશો કે, કટુતા સમાપ્ત થઈ નથી તો ભવનાં જાળાં વધવા માંડશે; વધી જશે; એમાં સપડાયા પછી વલખાં મારતા રહેશો તો પણ છુટવું મુશ્કેલ થઈ પડશે ! નુકશાનનું બજાર ગરમ થઈ જશે અને વ્યાપાર પણ અશુદ્ધ થઈ જશે, એટલું જ નહિ આત્મગુણો ઓછા થતાં કર્મોના સામે દેવાળુ કાઢી એમના તાબે થઈ જવું પડશે.

પછી ભલે આપણી સામે લાખો, કરોડોની છોળો ઉછળતી રહે ! એક કહેતાં એકવીસ નોકર, ગુમાસ્તાઓ હાજર ઊભા રહેતા હોય, મોટરો બિલ્ડીંગોના દરવાજે ઊભી રહેતી હોય અને ભલે સરસ સજાવટ કરેલ માળાઓમાં મખમલની શૈયામાં આરામ કરતા હો. આંખો બંધ એટલે બધું ય પારકું ! આપ ગયા કે બધું ય ગયું ! આત્મગુણો પણ ગયા અને નશ્વર પણ ગયું. ચારે બાજુથી અસહાયવૃત્તિ ! દયાપાત્રદશા ! અને વળી શું શું !

આ સ્થિતિથી બચવા માટે કટિબદ્ધ થવું પડશે પ્રત્યેકને, એને સાચવવું પડશે પોતાના ધનને ! જંજાળની જાળની કડિયોને ભેદવાની છે અને એને વિખેરી નાખ્યા વિના આરો, ઓવારો કે કિનારો મેળવો દુર્લભ છે,

કટુતાને સ્થાને મધુરતાનો નિવાસ કરવાનો છે ! કર્કશતાને સ્થાને સરસતાને સ્થાપવાની છે અને કલુષિતવૃત્તિ દૂર કરી શાન્ત વૃત્તિને સ્થાનાસન્ન કરવાની છે.

લીધા પછી તો સુખ જ સુખ છે. આપ દૂર રહ્યા કે પછી સુખ દૂર, સંતાપ સમીપ અને શાન્તિનો અભાવ. એટલે જ હવે આ આવ્યો છે અવસર; મોંઘેરી મળી મીઠી આપની વાણી, ભૂખ ભૂલી જવાય અને તૃષા સ્મૃતિ બહાર થઈ જાય, મન ભરાઇ જાય, પછી બીજું યાદ જ શાનું રહે ? . . .

અશરણ હું, શરણ આપનાર આપ ? માર્ગ ભૂલેલો હું, માર્ગ દેખાડનાર આપ. આપ આપ છો, સાચા હૃદયથી કરી રહ્યો છું પ્રાર્થના.

આ પરિસ્થિતિ હવે પલટાઈ રહી છે. કારણ કે હું ભ્રમણ કરીને કંટાળી ગયો છું. એ પણ સત્ય છે કે જ્યાં સુધી અંતરઆત્મામાં વિનય અને વિવેકનાં ચક્ષુઓએ સ્થાન ન મેળવ્યું હોય ત્યાં સુધી તેનો નિર્ણય અથવા તેનું સંશોધન કેવી રીતે થઈ શકે ? મેં વિષનો પ્યાલો પીધો અને અમૃતનું એક બિન્દુ ચાખ્યું, આકાશ પાતાલ જેટલું અંતર દેખાયું. એ બન્નેમાં ! અહા ! કેવો સ્વભાવ ! અને કેવું સ્વભાવજન્ય સુખ ! કયાં વૈભવ ! અને કયાં વિષમભાવ જનિત અપાર દુઃખ

વૈભવમાં જ્યારે ત્યારે ઘણું રાચ્યો, પુદ્ગલાનંદી થઈને પૌદ્ગલિક સુખોનો અનુભવ પણ કર્યો પરંતુ તે પણ વેદનીય કર્મનો જ આંતરિક ભેદ રહ્યો ને !

...નંત અનંત ભવોની રુગ્ણાવસ્થાના પાશમાંથી

કેમ દૂર ન થાય ભવનો રોગ ? અગર એ દિવ્ય ઔષધને પામી ગયો છું તોપછી અપૂર્વ સ્વસ્થતાનો આનંદાનુભવ કેમ ન થાય ? જેઓએ આ પ્રકારે ક્રિયા કરી એણે પોતાની સ્વતંત્રતાને પ્રાપ્ત કરી જ છે. કરે છે અને ભવિષ્યમાં કરશે પણ ખરા; એમાં કોઈ સંદેહ નથી.

આરાધ્યપાદ અરિહંત ! મારે દૃષ્ટિ જોઈએ છે, બીજું કંઈ જોઈતું નથી મારે ચપળ સ્વભાવવાળી લક્ષ્મીની આવશ્યકતા નથી, મારે જરૂર છે અસ્તિગુણ રૂપ સ્થિર ધનની મારે નથી જોઈતા આ મકાન, મહેલાતો કે બંગલાઓ. અભિલાષા છે ફક્ત સ્વભાવસ્થિત નિજાનંદની. બાહ્ય સુખની કિંચિત્‌માત્ર પણ કામના નથી. કામના છે સ્વભાવ રમણતામાં તન્મય થવાની અને કલ્યાણ માર્ગને મેળવી લેવાની.

આપ છો પરમાત્મા, હું છું કર્મલિપ્ત આત્મા ! આ ભેદનો અભેદ કરવા માટે હું આવ્યો છું આપના આશ્રયે !

ઉષ્ણતાથી કંટાળી ગયેલાને તાજા તરૂવરનો છાંયડો જ શાતા ઉપજાવે છે. તૃષિત થયેલાને નિર્મળ ઝરણું જ શાન્તિ આપી શકે છે, શ્રમથી શ્રમિત થયેલાને સુંદર આરામગૃહ જ શાંતિ પ્રદાન કરી શકે છે.

આપના શાસનતરૂવરની શીતળ છાંયડી, આપની સતત વહેતી નિર્મળ વચનસરિતાનાં નિર્મળ જળ અને આપનું સંયમસાધના માટેનું સુંદર સાન્નિધ્યસમું આરામગૃહ ! પછી કે જ શાન્તી-? [illegible]

આપનાર ખરેખર પ્રબળ પ્રભાવી હોય ગણાય એટલે જ આપનો પ્રભાવ મને બધુંય અપાવવાની શક્તિ ધરાવે છે. એની મને પૂરેપૂરી પ્રતીતિ થઈ ગઈ છે.

સાધકનું સંવેગરંગથી રંગાયેલું મન નિર્મળ વિચારોની ગંગા પ્રવાહિત કરતું થનગન નાચી ઉઠે છે. વીતરાગ દેવના અમોઘ શાસન અને શરણને પામીને હાશ ! ભટક્યો. ઘણું ભમ્યો ! છતાં મોડે મોડે પણ નાથ તું મળ્યો ! આત્મદર્શનનો સુરતરૂ ફળ્યો; મિથ્યાત્વનો ઘનોદધિ ઓગળ્યો અને સિદ્ધિ-ઓનો રત્નાકર પામરના હાથ ચડ્યો.

મંત્ર અને તંત્રના ચગડોળમાં બેસનારને જ્યારે પરિણામ દેખાય છે, ત્યારે પસ્તાય છે. મંત્રના માર્ગે ચડી જનારાઓ ભાવની ભૂમિ છોડીને ભૂલી જતા હોય છે. એમાં કંઈ તથ્ય નથી. જે મંત્રમાં આપના નામનું અંક એ મંત્ર દરેકને મંત્રી શકે. અરે ! નાથ ! બીજા મં તો દૂર રહો પણ આપને ભાવપૂર્વક કરેલો નમસ્કાર પ મંત્રોના ઉપર કામણ કરનારો છે.

એટલે જ હવે આપના પ્રબળ તેજ પ્રતાપથી કર્મા વરણે આવરાયેલ માર્ગ પ્રગટ થયો અને સન્માર્ગનું સરણ કરવાનું સામર્થ્ય મારામાં પ્રગટો ! એ માટે જ જોઈએ આપનું દર્શન, માર્ગદર્શન અને પંથપ્રદર્શન.

પરમ કારુણ્ય મૂર્તિ દેવ ! સર્વતોપ્રાક્ એટલું નિહાળી લઉં કે પ્રારંભથી અદ્યાપી પર્યંત મારી પરિસ્થિતિ

આલંબન મને તારનાર ન નીવડ્યું. ગુરુ મળ્યા પરંતુ ભવાબ્ધિનંદી પત્થરની શીલાનો સહારો લેનારને તરવાનું સ્વપ્ને પણ સંભવે નહીં તેમ ભવમાં રાચનારા ગુરુની કૃપાથી ભવ જ વધે એવું જ થયું મારા માટે, અને ધર્મ પણ મળ્યો, પરંતુ સગવડીઓ આસક્તિમાં રહો છતાં તરી જશો, ભોગમાં રાચ્યા રહો, નાવડુ પાર ઉતરી જશે, ત્યાગ વગર સુખ મેળવવાની કલ્પના વંધ્યા પુત્ર જેવી નિરર્થક છે.

ખરેખર ! મેં ઠોકરો ખાધી ઘરઘરની, અને ખાઈ પણ રહ્યો છું. તેનું કારણ કુમાર્ગ પર ચલન છે. જો સન્માર્ગે ચાલ્યો હોત તો મારી આવી અવદશા હોત નહિ. હશે જ્યારથી જાગ્યો ત્યારથી સવાર ગણીને જ સંતોષ ધરૂં છું જો હજુ પણ નિદ્રાવશ રહ્યો હોત તો રહી સહી ગુણ રાશિને પણ ખોઈ નાખત એ ઉન્માર્ગ પર આત્મધનને લૂટી લેનારા પ્રખ્યાત લૂંટારાઓ પોતાની જાળ પાથરીને બેઠેલા છે. કોઈપણ પ્રમાદી કે અજ્ઞાનીને ઘેરી લેવો અને લૂટવું એ એમનો જન્મસિદ્ધ અધિકાર છે.

કાયર સપડાઈ જાય છે. પોતાની સંપત્તિને વ્યવહાર અને ભાવથી ગુમાવી બેસે છે. મેં જે ગુમાવ્યું છે તેનો મને પશ્ચાત્તાપ અને ભારોભાર દુઃખ થાય છે. પરંતુ હવે હું છું આપને શરણ, આપ છો તારણ તરણ ! હું ઈચ્છુ છું દેવ 'સન્માર્ગાનુસરણ' ! જેથી મટે મારો જન્મ ને મરણ-

ભવ જ્યાં સુધી ખારો ઝેર જેવો ન લાગે ત્યાં સુધી ધર્મામૃત ઘુંટ સ્પર્શી શકતા નથી. જ્યારે અમૃત

ટેક ! જે રહે છે નમતો, તે બધાને રહેશે ગમતો, જે પાસે ક્રોધ એને ક્યારે ન લાગે બોધ." જે કોઈ રાખે માન એ આખર બને શેતાન. 'જે રાખે માયા, તેની જાય કાયા"

વિવેકના પ્રકાશમાં વિચરનારા આત્મા પોતાનામાં સ્થિત રહીને સન્માર્ગ પર પ્રસ્થિત થાય છે એ માર્ગ બાહ્યાભ્યંતર રીતે જીવાત્માઓને ઉજાળનારો બની જાય છે.

પરમદેવ ! એ પાંત્રીશ ગુણો પરમોચ્ચ ગુણો છે. જે આપે વર્ણવ્યા છે તે સંસારના જીવ માત્રને સુધારનારા અને ઉદ્ધારનારા છે. આપે જે બતાવ્યું તે સો ટચના સોના જેવું. કોઈ પણ દેશ, કાળ, ભાવ અને વ્યક્તિની દૃષ્ટિએ કંઈ પણ અસાધ્ય કે મુશ્કેલી ભર્યું છે જ નહિ.

સાધનાના શ્રેષ્ઠતમ રાજમાર્ગ ઉપર ચાલવાની ધગશ છે જેના દિલમાં એવા સાધકોને ફરતા ફરતા પણ શરણ સ્વીકારવું પડે છે આપનું જ. કેટલું કરવા છતાં આપ વગર બધુંય અધૂરૂં. અધૂરાને પૂરૂ કરવા માટે આપને સ્વીકારવા અને આપમય બની જવું અત્યંત જરૂરી બને છે. એ સાધકોના માટે.

અષ્ટાપદ ગિરિરાજના દર્શનની અભિલાષા જેમના હૃદયમમાં વર્ષાઋતુની સરિતાની જેમ ઉભરાતી હતી. ઘોર તપશ્ચર્યાના સાથે વિવિધ પ્રકારના આસનો લગાવીને પોતાની મુરાદને પૂરી કરવા બધુંય કરી રહ્યા હતા, છતાં વર્ષો વીત્યાં તોય તેમની મુરાદો પાર પડી નહોતી. જે કરતા હતા

સફળ નિવડતા નથી એક જ કારણ છે એના પાછળ દ્રવ્યનો ક્રય અથવા વિક્રય ભાવ વિના કરી દેવાય છે. ભાવ વગરનો વ્યવસાય આખો નિષ્ફળતાનો સર્જક બને છે અને એજ ભવના ભયંકર જંગલો તરફ ઢસડી જાય છે.

સ્વભાવના કલ્પવૃક્ષને આંબવા અને ભવના ફણીધરને નાથવા માટે ભાવના એક અલૌકિક મંત્રૌષધિ યુક્ત મહા રસાયણ છે. અને પરમશ્રેષ્ઠ ગારૂડી મંત્ર છે. એક સ્થાનને છોડી બીજા સ્થાન ઉપર પહોંચવા માટે જેમ ભોમીયાને સાધવો જરૂરી છે અને સાધકની સબળતાની આવશ્યકતા છે તેમ ભવનગરથી મુક્ત થઈ સ્વભાવ નગરને પ્રાપ્ત કરવા માટે ભાવરૂપી ભડવીર ભોમીયાને સાધવો અને એનો સથવારો કરીને ચાલવું એ જ શ્રેયસ્કર છે.

જ્યારે આ રીતથી પ્રશસ્ત પ્રવૃત્તિનો પ્રારંભ થાય ત્યારે જ ઉંધા પડતા પાસા સીધા પડવા માડે ઉન્માર્ગથી સન્માર્ગ અને આગળ વધીને સન્માર્ગાનુસરણની વૃત્તિ વેગવતી બને.

સન્માર્ગનું અનુસરણ એટલે ખોટા, કલ્પિત અને અનુચિત માર્ગનું વિસ્મરણ સન્માર્ગનું અનુસરણ એટલે મન, વચન અને કાયાની નિરવદ્ય પ્રવૃત્તિ. સન્માર્ગનું અનુસરણ એટલે ભૌતિકથી આધ્યાત્મિક બાજુ દૃઢ પગરણ. વીતરાગ દેવના સુખદ શાસનની પ્રાપ્તિનો પરિપૂર્ણ લાભ મેળવવા એ જ સફલ બની શકે છે કે જે સન્માર્ગનો અનુગામી બન્યો હોય છે.

જે જ્ઞાન હોય છે, તે જ વિજ્ઞાન કહેવાય. વિજ્ઞાન જ્યારે પ્રાપ્ત થાય ત્યારે પ્રહાર કે સંહારની રાસલીલાને દેશવટો અપાય! વિજ્ઞાન જ્યારે વધે ત્યારે પ્રાણીમાત્રના કલ્યાણની પરમ તારક મૈત્રી, પ્રમોદાદિ ભાવનાઓ વિકસે! વિજ્ઞાન જ્યારે વિકાસોન્મુખ હોય ત્યારે સંપૂર્ણ સંસારમાં અપૂર્વ આનંદ અને સ્નેહની લાગણીનો સાગર ઘુઘવાતો દેખાય!

જ્યારે આવા વિજ્ઞાનથી છેટા પડી જવાય ત્યારે "પરમજ્ઞાન" નાં સોણલાં કોઈ કાળે સાકાર ન બની શકે. આ વિના બધુંય એળે જતાં વાર લાગે નહિ.

જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે જેટલા પ્રમાણમાં અજ્ઞાન વધે તેટલા પ્રમાણમાં જીવોનાં ભવોના આકડા વધતા રહે! અર્થાત્ જેટલું અજ્ઞાન એટલા ભવ! અજ્ઞાનનું વિજ્ઞાનમાં પરિણમન થાય ત્યારે ભાવવૃદ્ધિ થાય અને પરમજ્ઞાનની પ્રાપ્તિ થતા સ્વભાવને પામી લેવો સુલભ થઈ જાય.

અમૃતવર્ષી અરિહંત પ્રભો! પાત્ર દેખીને આપવું એ દાતાની પરમ ઉદારતા નહિ પણ ઔદાર્યભાવ કહેવાય. સન્માર્ગનું દાન કરવું એ પરમ પુનીત દાન છે. એ દાન આપે જ કર્યું છે ને?

સન્માર્ગે ચાલવું અને ચલાવવું બન્ને ગુણો આપમાં વિકાસ પામ્યા હતા. એથી જ આપનો એક એક બોલ શાસ્ત્રનું રૂપ પામ્યો અને પરિણામે અનેક જીવોનો તું તારક બન્યો.

સન્માર્ગના અનુસરણનું પ્રતિબિંબ પડતાં તો પાંત્રીશ

માર્ગાનુસારિની ઉપમાને પામ્યા છે. તે પણ અપલક નયને દેખી રહ્યો છું. આ રહ્યાં તે ગુણો.

માત્ર કર્તવ્ય પાલનની દૃષ્ટિથી જ આવશ્યકતાનુસાર ન્યાય પૂર્વક ધન ઉપાર્જન કરવું. દાન, શીલ, તપ, ભાવ આદિ પરમ આદર્શ ગુણાલંકૃત ઉત્તમ પુરુષોની મુક્ત કંઠથી પ્રશંસા કરવી. પોતાનાથી સમાન કુળવાળા અને સમાન આચાર વિચારવાળા લોકોની સાથે સંબંધ રાખવો અતિચાર, અનાચાર, યુક્ત પાપ માર્ગથી દૂર રહેવું. પોતાના દેશના આચાર પ્રણાલિકા અનુસાર (લોક વ્યવહારાનુસાર) કાર્ય કરવું. દેવ, ગુરુ, ધર્મશાસ્ત્ર અને કોઈની પણ નિંદા ન કરવી, સજ્જન પાડોશીઓની વચ્ચે રહેવું. અધિક આવવા જવાના દરવાજાવાળા મકાનમાં રહેવું નહિ સદાચારી સુશીલ મનુષ્યોનો સંપર્ક રાખવો અને તેમના અનુકરણીય ગુણોને જીવનમાં વણી લેવાની વૃત્તિ રાખવી. જેઓ સંસ્કારનો વારસો આપનાર છે અને બાલ્યકાળથી સંતાન પ્રત્યે પ્રેમની સરિતા વહાવનાર છે એવા માત-પિતાની સેવા ભક્તિમા મસ્ત રહેવું. પરંતુ એમના આત્માને દુઃખ કે કલેશ થાય તેવું ઉદ્ધત વર્તન ન રાખવુ. જ્યાં દર્દ યા મોટા અવાર નવાર ઉપદ્રવો થતા રહેતા હોય તેવા સ્થાનનો ત્યાગ કરવો. જેથી ચિત્તમા ચિંતા કરવાનો અવસર આવે નહિ. જે કાર્ય નિંદનીય, ગર્હણીય, અથવા અયોગ્ય હોય તેવા કાર્યોથી સદંતર દૂર જ રહેવું: જેથી વ્યવહારમાં અપયશ અને ભવાંતરમા નરકાદિનાં દુઃખો ભોગવવાનો અવસર ન આવે, ચાદર દેખીને પગ લાંબા કરવા એ નીતિ અનુસાર

કદાગ્રહનો હમેશાં ત્યાગ કરવો કેમ કે કદાગ્રહ ઇજ્જતને ધક્કો પહોંચાડે છે. દુરાગ્રહ ધન સંપત્તિનો નાશ કરે છે. અને કદાગ્રહ શરીરનો નાશ કરનાર બને છે સદ્ગુણી જનોનો પક્ષપાત કરવો, જેથી સન્માર્ગની પ્રાપ્તિ સુલભ થઈ જાય, કુસમય અને અનુચિત સ્થાનના વ્યવહાર સંબંધોનો ત્યાગ કરવો, જેથી સમયનો સદુપયોગ અને સ્થાનનો લાભ મળી શકે. નિર્બળ સબળને ઓળખીને નિર્બળને સર્વ પ્રકારનો સાથ સહયોગ આપવો. સદ્વર્તન રાખવું. જેથી ઉભયલોક લાભકારક બને જ્ઞાની જનોની પૂજા કરવી. જેથી જ્ઞાનની પ્રાપ્તિ અને જ્ઞાનાવરણીયકર્મનો ક્ષય થાય. દુઃખી જનોને મદદરૂપ થવું જેથી એમનો અંતરાત્મા શાંતિ અનુભવે. દીર્ઘ દૃષ્ટિ રાખીને વિશિષ્ટ જ્ઞાન મેળવવા તત્પર રહેવું. બીજાઓ વડે કરાયેલ ઉપકારને સ્મૃતિમાં રાખવો. જેથી કોઈ પ્રસંગે તેમનાથી લાભ લઈ શકાય. લોકપ્રિય થઈ પોતાના અનેક વ્યવહારને વિશુદ્ધ રાખીને આદર્શ જીવન બનાવવું. મર્યાદા-હદમા રહેવું. જેથી કોઈ પણ સમયે પશ્ચાત્તાપ કરવાનો અવસર ન આવે. સજ્જનોને શોભે તેવી પ્રવૃત્તિ રાખવી. બીજાઓના હિતને લક્ષ્યમાં રાખી પરોપકારના કાર્યો કરતા રહેવું કામ ક્રોધાદિ કષાયોને જીતવા પ્રયત્નશીલ થવું.

નયનાનંદ પ્રદાયક દેવ! વ્યવહારનું જ્ઞાન અને નિશ્ચયના ધ્યેયને સુંદર અને સરળ રીતે પ્રાપ્ત કરી શકાય તેનું લક્ષ રાખીને આપની અમોઘ વાણીનો મેઘ વર્ષી રહ્યો છે:-સાધક જીવનના નીલ ગગનાંગણે.

હું અશરણ રહ્યો છું આજ સુધી. દર્દની જાણ થયા વિના દવાનો પ્રયોગ (ઉપચાર) પણ કેવી રીતે થઈ શકે?

ભવની દુઃખદ શૃંખલાઓનું જ્યાંસુધી દિગ્દર્શન ન થાય ત્યાં ભાવની ઉત્કૃષ્ટતા અને સ્વભાવની પરમોત્કૃષ્ટતાના તાગને કેવી રીતે પામી શકાય?

ભવોની બીહડ વનભૂમિમાંથી પસાર થવા માટે પ્રબળ-તમ સાથ જોઇએ, પરમ તારક દેવાધિદેવનો! એ વગર બધોય સથવારો નકામો છે. પરમ તારકનો એ સથવારો દીર્ઘકાળની આરાધના પર અવસ્થિત છે.

દેવાધિદેવ! આજ પર્યંત હું સંતોષી રહ્યો. ફળ સ્વરૂપ ભવશ્રેણીનું કિંચિત્ માત્ર ભાન થયું નહિ, દોષોનો દરિયો હું અને ગુણોનો ગંભીર સાગર તું! રણમાં આકંઠ ડુબેલો હું. વીતરાગતાની ટોચ મર્યાદાને પામેલો તું.

દોષીમાંથી નિર્દોષી બનવાનો મેં સાધારણ પ્રયાસ પણ કરી જોયો નથી. કર્યો નથી. પરિણામતઃ ભાવોનો મહા-સાગર સૂકાઈ ગયો. સ્વભાવ સ્વરૂપનો વિકાસ પણ કરી શક્યો નહિ, અને માત્ર ભવોને વધારવામાં સફળતા પ્રાપ્ત કરી

દેવ! સંપૂર્ણ સુખદ સંયોગ પામીને શક્તિ સંપન્ન હોવા છતાં પણ ભયભીત બન્યો. હું એ ન જાણી શક્યો કે ભય કાયાને કે માયાને! કાયા અને માયા બન્ને પારકા, જુદાં, મારા નહિ, અંતસ્તલમા ઉંડે-ઉંડે ડોકિયું કર્યું, ત્યારે જ જાણી શકાયું કે ભય સ્વયંનો નહિ પણ બીજાનો હતો. પારકા ઉપર પોતાપણું દાખવ્યું. મોહ રાચ્યો એ

આવે તો તે અન્તગ્રત સ્વપ્નવત્ નિરર્થક જ થઇ જાય છે. અથવા સર્વ આશાઓ ધૂમિલ થઇ જાય છે.

